29 માર્ચ, 2007

**ભારતીય રિઝર્વ બેંક તા. 31 માર્ચ ના રોજ બેંકિંગના કલાકો ઉપરાંત કરની ચૂકવણીની રાશિ સ્વીકારશે**

કર દાતાઓની સગવડતા માટે આર.બી.આઇ. દ્વારા વિશેષ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેના અંતર્ગત આર.બી.આઇ.ની મુંબઇ તથા નવી મુંબઇના કાર્યાલય દ્વારા બેંક તા. 31 માર્ચ ના રોજ સાંજે 5.00 વાગ્યા સુધી રોકડ રકમ સ્વીકારવામાં આવશે તથા ચેક તેમજ અન્ય રોકડ સિવાયના ભુગતાનો સાંજે 5.00 વાગ્યા સુધી સ્વિકારવામાં આવશે.

ઉપર જણાવ્યા પ્રમાણે 31 માર્ચ 2007 ના રોજ સામાન્ય બેંક કલાકો ઉપરાંત કર સ્વીકાર માટેની સુચના આર.બી.આઇ. દ્વારા એજન્સી જેવી કે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા તથા તેની સહયોગી બેંક તથા સાર્વજનિક ક્ષેત્ર તથા ખાનગી ક્ષેત્રની નામિત બેંકોને પણ આપવામાં આવી છે.

આર.બી.આઇ.એ કરદાતા ઓને  તા. 31 માર્ચ 2007 ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષ માટે પૂરી પાડવામાં આવેલી આ સુવિધાઓનો લાભ લેવા વિનંતી કરેલ છે.

અજીત પ્રસાદ
પ્રબંધક

પ્રેસ વિજ્ઞાપન : 2006-2007/ 1316